# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: કલ્પના શાહ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

તારીખ : ૦૪-૧૨-૨૦૨૪ બુધવાર સમય : સાંજે ૬:25 કલાકે

---

## સોઇલ હેલ્થ કાર્ડ:

રાજ્યમાં છેલ્લા 2 દાયકામાં ખેડૂતોને 2 કરોડ 15 લાખ જેટલા સૉઈલ હેલ્થ કાર્ડ એટલે કે, જમીન આરોગ્ય કાર્ડનું વિનામૂલ્યે વિતરણ કરાયું છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, 'સૉઈલ હેલ્થ કાર્ડ યોજના થકી રાજ્યના અનેક ખેડૂતોએ પોતાની બિન-ખેતીલાયક જમીનને ખેતી-લાયક બનાવી છે.' જમીનની તંદુરસ્તી માટે આ યોજના અમલમાં મુકવાવાળું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હોવાનું પણ શ્રી પટેલે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, જમીનની ગુણવત્તા જાળવી રાખવા તેમજ જમીન સંરક્ષણની જરૂરિયાત અંગે લોકજાગૃતિ કેળવવા દર વર્ષે 5 ડિસેમ્બરને "વિશ્વ જમીન દિવસ" તરીકે ઉજવવામાં આવે છે. આ વર્ષે વિશ્વ જમીન દિવસની ઉજવણી "જમીનની સંભાળ: માપ , દેખરેખ, વ્યવસ્થા" વિષયવસ્તુના આધારે કરવામાં આવી રહી છે.

- (RNU અમદાવાદ)

---

## ખાનગી હોસ્પિટલો માટે વિભાગીય રજીસ્ટ્રેશન ફરજીયાત:

રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા ખાનગી હોસ્પિટલો માટે વિભાગીય રજીસ્ટ્રેશન ફરજીયાત બનાવવા સાથે નવા નિયમો અમલી બનાવવામાં આવ્યા છે જે મુજબ, સંસ્થાઓની અને ખાનગી હોસ્પિટલોમાં આયુષ્યમાન કાર્ડ અંતર્ગત અપાતી સારવારના નિયમોની ચુસ્ત અમલવારી સાથે રજીસ્ટ્રેશન વગર હોસ્પિટલોમાં ચાલતા વિવિધ વિભાગો સામે પણ કડક વલણ અપનાવાયું છે. જેની અમલવારીથી સેવા આપતી સંસ્થા કે ખાનગી સંચાલાનોમાં થતી બોગસ સારવારો પર નિયંત્રણ લાવી શકાશે. આરોગ્ય વિભાગ દ્વારા આગામી ૧૨ માર્ચ ૨૦૨૫ સુધી તમામને રજીસ્ટ્રેશન કરાવવા જાહેરાત કરાઈ છે.

- (કલ્પના શાહ, NP)

---

## લોન સહાય વિતરણ કાર્યક્રમ:

રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ તેમજ સંલગ્ન નિગમોની યોજનાઓના લાભાર્થીઓને ભુજ ટાઉન હોલ ખાતે આગામી છઠ્ઠી ડિસેમ્બરે લોન/સહાય વિતરણ કરાશે.

કચ્છ -સૌરાષ્ટ્રના ૧૨ જિલ્લાઓમાં યોજાનારા આ કાર્યક્રમના અધ્યક્ષ સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણના મંત્રીશ્રી ભાનુબેન બાબરીયા રહેશે.

- (માહિતી ખાતુ ભુજ)

---

## સ્મૃતિવન મ્યુઝીયમને પ્રિક્સ વર્સેઇલ્સ એવોર્ડ:

યુનેસ્કો ખાતે પ્રતિ વર્ષ જાહેર કરવામાં આવતા આર્કિટેક્ચર અને ડિઝાઈન ક્ષેત્રના પ્રતિષ્ઠિત પ્રિક્સ વર્સેઇલ્સ એવોર્ડ અંતર્ગત ભુજના આ સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ મ્યુઝિયમને 2024ના વર્ષની શરૂઆતમાં વિશ્વના 7 સૌથી સુંદર મ્યુઝિયમ્સની યાદીમાં સ્થાન મળ્યું હતું. આ પ્રિક્સ વર્સેલ્સ એ વૈશ્વિક આર્કિટેક્ચર અને ડિઝાઇન એવોર્ડ છે અને વિવિધ શ્રેણીઓમાં અસાધારણ સિદ્ધિઓ માટે એનાયત કરવામાં આવે છે.

મ્યુઝિયમની અનન્ય ડિઝાઇન અને હેતુ હવે આંતરરાષ્ટ્રીય મંચ પર સ્વીકૃત થતા ગુજરાત અને ભારત બંનેનું વૈશ્વિક સ્તરે સન્માન વધાર્યું છે . પેરિસમાં યુનેસ્કો હેડ ક્વાર્ટરમાં આયોજિત સમારોહમાં રાજ્ય સરકાર વતી રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ આ એવોર્ડ સ્વીકાર્યો હતો. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે આ સિદ્ધિ માટે સ્મૃતિવનની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

- (કલ્પના શાહ, NP)

---

## નેવી-ડે ની ભુજ ખાતે થયેલી ઉજવણી:

ભારતીય નૌકાદળની સિદ્ધિઓ અને ભૂમિકાને ઓળખવા માટે દર વર્ષે ચોથી ડિસેમ્બરે નેવી દિવસની ઉજવણી કરવામાં આવે છે.

જીલ્લા મથક ભુજમાં પણ નેવી દિવસની દે શભક્તીના કાર્યક્રમો સાથે જાહેર ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય નૌકાદળની કામગીરી વિશે લોકો જાગૃત થાય તેવા ઉદેશ સાથે રેલી અને નાટક સહિતાના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

ઉજવણીના ભાગરૂપે શહેરના હિલ ગાર્ડનથી જ્યુબિલી સર્કલ સુધી એનસીસી કેડેટ્સની વિશાળ રેલી યોજાઈ હતી. જેના દ્વારા કચ્છના યુવક-યુવતીઓ ઇન્ડિયન નેવીમાં જોડાય તે માટે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 1971 ભારત - પાકિસ્તાન યુદ્ધ સમયે ભારતીય નેવીએ પોતાની તાકાત બતાવી ભારતના ભવ્ય વિજયમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને કરાચી બંદર પર કબ્જો મેળવ્યો હતો. આ પ્રકારની ગૌરવશાળી ઘટનાઓને જાહેર કરી નેવી દિવસની ઉજવણી કરાઈ હતી.

- (કલ્પના શાહ, NP)

---

## વન્યસંરક્ષણ દિવસની ઉજવણી:

આજે રાજ્ય સહિત દેશભરમાં વિશ્વ વન્યજીવ સંરક્ષણ દિવસની ઉજવણી કરાશે. આ દિવસે લુપ્ત થતાં વન્યજીવો અને પક્ષીઓને બચાવવા લોકોને જાગૃત કરવા ગુજરાત સહિત દેશભરમાં વિશેષ કાર્યક્રમ યોજાશે.

ઉલ્લેનીય છે કે કચ્છના બન્ની વિસ્તારમાં રાજ્યનું પ્રથમ "ચિત્તા સંરક્ષણ સંવર્ધન કેન્દ્ર " બનાવવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી દીધી છે ત્યારે આ કેન્દ્ર અંગે અભ્યાસ માટે વન્યજીવ સાથે જોડાયેલા રાજ્યના અધિકારીઓએ મધ્યપ્રદેશના કુનો-પાલપુર રાષ્ટ્રીય પાર્કની મુલાકાત લઈ વિગતો મેળવી છે.

- (RNU અમદાવાદ)

---

## ભુજનો સ્થાપના દિન આગામી છઠ્ઠીએ:

ઐતિહાસિક કચ્છનાં પાટનગર ભુજનો 477મો સ્થાપનાદિન માગશર સુદ પાંચમ , આગામી છઠ્ઠી ડિસેમ્બરે ઊજવાશે. આ દિવસે વિવિધ ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત ભુજ નગરપાલિકાના પ્રમુખ દ્વારા ખીલ્લીપૂજન કરાશે તેમજ ભુજિયા ડુંગરની પ્રતિકૃતિ દર્શાવતી કેક કપાશે, ઉપરાંત પાંચ નાકાં, છઠ્ઠીબારી અને ચારેય રિલોકેશન સાઇટમાં આસોપાલવ તોરણો બંધાશે, બાળકોને ભુજ દર્શન કરાવાશે તેમજ બાળકો માટે ભુજનાં દૃશ્ય દોરવાની સ્પર્ધા યોજાશે. આ ઉપરાંત જરૂરિયાતમંદોને ટિફિન તેમજ અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવશે.

- (કલ્પના શાહ, NP)

---